# પ્રકરણ-૧૬
# પપ્પા કરતાં મમ્મી વધુ ગમે છેઃ હું તો મમ્મી સાથે લગ્ન કરીશ !!

*'બેટા, તું કોનો દીકરો, તને મમ્મી વ્હાલી કે પપ્પા'*

આવો સવાલ ૩ થી ૫ વર્ષના બાબાને સામાન્ય રીતે ઘણા ઘરોમાં પૂછાતો હોય અને અચૂક જવાબ એવો મળે કે 'હું મમ્મીનો દીકરો, મને મમ્મી વધારે ગમે છે!' આવું જ કઇંક બેબીઓને પૂછો ત્યારે જવાબ એવો મળે કે દિકરીઓને પપ્પા જ વધુ વહાલા હોય. આવો વાલીઓ માટેનો પક્ષપાતી પ્રેમ મોટા થતા પણ ચાલુ રહેતો જોવા મળે છે જ.

આવો પક્ષપાતી પ્રેમ માત્ર ગમા અણગમા થકી નથી ઉદ્ભવતો પરંતુ તેમાં બાળકની વાલીઓ પ્રતિ એક રોમેન્ટિક લાગણી પણ હોય તેવું મનોવૈજ્ઞાન જણાવે છે!! આ રોમેન્ટિક લાગણીને મનોવૈજ્ઞાનિકો 'ઇડીપસ કોમ્પલેક્ષ' તરીકે ઓળખે છે. આવી રોમેન્ટિક લાગણીને લીધે ૩ થી ૫ વર્ષનો દિકરો એવું પણ બોલી શકે કે ' હું તો મોટો થઈને મમ્મી સાથે લગ્ન કરીશ!' અને દિકરી પપ્પા જોડે જિંદગી વિતાવવાની લાગણી ધરાવશે!! આવી પ્રબળ રોમેન્ટિક લાગણી બાળકને મોટા થતા વિરુધ્ધ લિંગની વ્યક્તિઓ પ્રત્યેના વર્તન માટે માનસિકતાનું મેદાન પૂરું પાડે છે. જેથી પુખ્ત વયે તે સારું પરિપક્વ, પ્રેમાળ સહજીવન, લગ્નજીવન નિભાવી શકે!! પણ સાથોસાથ બાળપણની આવી મિશ્રિત લાગણીઓ બાળકમાં એક જાતનું ટેન્શન-માનસિક તાણ પણ ઊભું કરે છે. તે એટલા માટે કે આવી લાગણી થકી બાળક જ તે વાલી માટ્ટે એકદમ પઝેસીવ બની જાય અને તેને એવી પ્રબળ ઇચ્છા થાય કે તે વાલી બસ માત્ર તેનું પોતાનું જ રહે. તેના પર એનો માલિકીપણાનો ભાવ આવી જાય! પરંતુહકીકતે એવું શક્ય નથી હોતું. દિકરો તેની લાગણી ઇચ્છા માતા માટે રાખે કે દિકરી પિતા માટે રાખે પણ છેવટે તેને પ્રતીતિ થાય જ કે તેના માતપિતા એકબીજા માટે સમર્પિત હોય છે અને બાળકનો માલિકીપણાનો ભાવ પૂર્ણ થતો નથી. આવી વાસ્તવિકતાને લીધે દીકરો ગમે તેટલું પિતાને પ્રેમ કરતો હશે પણ અંદરખાને તેને પિતાની ઈર્ષા થાય, તેના પ્રત્યે ગુસ્સો આવે. એવું પણ થાય કે 'પપ્પા જતા રહે તો સારું'!!

આવી લાગણીને લીધે તેને એવું પણ લાગે કે તેના પિતા પણ પોતા પ્રત્યે ઈર્ષા રાખતા હશે જ! આવી જ કંઇક મિશ્રિત લાગણી દિકરીને માતા પ્રત્યે થાય પછી ભલે તેને માતા અન્ય બધી રીતે ખૂબ ગમતી હોય. દીકરી એવું કહે કે 'મમ્મી તું જતી રહે હું પપ્પાનું બરાબર ધ્યાન રાખીશ!'

આમ પ્રેમ અને ઈર્ષાની મિશ્રિત લાગણીઓ બાળકને અકથિત માનસિક તાણમાં મૂકે છે. બાળક આવી નેગેટીવ લાગણીને ભગાડવાની પૂરેપૂરી કોશિશ કરે છે. પણ છેવટે તે બીજી કોઇક રીતે તેના વર્તનમાં જીવનમાં જરૂર ઉભરી આવે છે. જેમ કે તેને

બિહામણા સ્વપ્ના આવી શકે છે. જેમાં તે લૂંટાઇ ગયું હોય, તેની પાછળ કોઇ પડી ગયું હોય તેવું લાગે.

પછી જેમ જેમ બાળક મોટું જાય તેમ તેને વાસ્તવિકતાનો ખ્યાલ આવે અને છ સાત વર્ષે તેની રોમેન્ટિક લાગણી નાબૂદ થઇ જાય. તેથી જ મોટા થતા દીકરાને મમ્મીના વ્હાલભર્યા આલિંગનો, બચીઓ, શબ્દો પણ ના ગમે તેવું જોવા મળે છે. તે પોતે વાલીને વળગવાનું ઓછું કરી નાખે. હવે તેની લાગણીને વળાંક મળતા તે પોતાને અન્ય રીતે બીઝી રાખી શકે. જેમ કે સ્કૂલના લેસનમાં, રમતગમતમાં, બીજા બાળકોની દોસ્તીમાં વગેરે. તેનો વાલી માટેનો લગાવ અને પ્રેમ વધુ પરિપક્વ થાય છે. આ તબકકા પહેલા તે શક્ય તેટલું તેને ગમતા વાલી જેવું વર્તન કરવાની કોશિશ કરતું હોય પણ હવેથી તેના વર્તનમાં મિત્રો બહેનપણીઓના હાવભાવ વધુ જોવા મળશે.

તો અત્યાર સુધી આપણે બાળકની વાલી પ્રત્યેની લાગણીમાં ઉંમર પ્રમાણે કેવા ફેરફાર થાય તેની વાત જાણી. હવે જોઇએ કે આવા બેકગ્રાઉન્ડમાં વાલીઓનું બાળક પ્રત્યેનું વર્તન કેવા પરિણામ આણી શકે છે. અને વાલીઓએ બાળકની આવી લાગણી સાથે કેવી રીતે વર્તવું જોઇએ.

દીકરાની માતા પ્રત્યેની પ્રબળ લાગણી અને પિતા પ્રત્યેની અણગમાની લાગણી થાય ત્યારે ઘણી વાર ઘરમાં બાળકને રોકવામાં આવે,  તેની મજાક થાય અથવા ખીજવવામાં પણ આવે. આવુ પોતાના ધાર્યા કરતાં અજુગતું વર્તન થાય ત્યારે બાળકની ઈર્ષાની લાગણી વધુ પ્રબળ બને અને અણગમો વધતો જાય, માનસિક તાણ વધતું જાય. આની સામે ક્યારેક એવુંય બને કે પિતા દીકરા માટે ખૂબ સાચવીને વર્તે અને એવું જણાવા છે કે દીકરા માટે થઇ તે પોતાની પત્નીને ઓછો પ્રેમ કરે છે. આવું ભૂલ ભર્યુ વર્તન માતા પણ કરી શકે જેમાં તે પતિ કરતા દીકરાને વધુ પ્રેમ આપી પક્ષપાતે સર્જે છે. આવા સંજોગોમાં વાલી પોતાના જીવનસાથી કરતાં બાળકને વધુ મહત્ત્વ આપી મનોવૈજ્ઞાનિક પ્રોબ્લેમ ઊભો કરે છે. તેથી બાળક મોટું પુખ્ત વય થતાં પોતે મકકમ સ્થિર વાલી તરીકે વર્તી ના શકે, તેની મિશ્રિત લાગણીઓ થકી માનસિક તાણ વધે છે.

બાળક કોઇ એક વાલી પ્રત્યે વધુ પ્રેમ દાખવે ત્યારે તેથી અચંબાભર્યુ કે હેબતાયેલું અણગમાભર્યુ વર્તન વાલીએ ના કરવું, સાથોસાથ મા-બાપે એકબીજા પ્રત્યે તો પ્રેમભાવ યથાવત છે તેવું બાળકને ધ્યાન રહે તેમ જોવું (જો કે આવું કરવા બાળક સામે પ્રેમભરી ચેષ્ટાઓ કે શબ્દોની અભિવ્યક્તિ કરવાની જરૂર નથી પણ બાળક પ્રત્યે પ્રેમ જતાવતા જતાં જીવનસાથીને પણ ભૂલતા નથી તેવું વર્તન દાખવી શકાય) બાળક માલિકીભાવ જતાવતા માબાપના ચાલુ સંવાદે કોઇ આગ્રહ જણાવે તો તેને મકકમતાપૂર્વક (તૂચ્છકાર કે અણગમા વગર) પ્રેમથી જણાવવું કે અમારું કામ પુરું કરી તને જરૂર ધ્યાન આપશું. તે સમય દરમ્યાન બાળકને અન્ય કામ આપવું કે ધ્યાન બીજે દોરવવું, પછીથી પોતાની વાતચીત પત્યા બાદ કે કામ પત્યા બાદ વાલીએ બાળકનું ધ્યાન યાદ રાખી ફરી રાખવું. આવું કરતાં બાળક જીદ કરે કે ધમાલે ચડે ત્યારે તેની સામે મકકમતાપૂર્વક જ વર્તવું અને ગુસ્સો કર્યા વગર ચોખ્ખા શબ્દોમાં જણાવવું કે તેનું આવું ગેરવર્તન માન્ય નથી અને કોઇને ગમતું નથી અને સહુ કોઇ તેની પાસે સારા વર્તનની આશા રાખે છે.

**બાળક કોઇ એક વાલી પ્રત્યે વધુ પ્રેમ દાખવે ત્યારે તેથી વાલીએ અચંબાભર્યું કે હેબતાયેલું અણગમાભર્યુ વર્તન ના કરવું. સાથોસાથ મા-બાપે એકબીજા પ્રત્યે તો પ્રેમભાવ યથાવત છે તેવું બાળકને ધ્યાન રહે તેમ જોવું**

